રાજ્યના ગરીબી રેખા (BPL) હેઠળના સીનીયર સીટીઝનને જરૂરી સાધન સહાય આપવા નવી બાબતની વહીવટી મંજૂરી બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: વનપ/૧૦/૨૦૧૭/૭૯૨૪૯/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૬/૦૪/૨૦૧૭

<u>વંચાણે લીધા:</u>

(૧) ભારત સરકારનો સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ન્યુ દિલ્હીનો તા.૨૯/૨/૨૦૧૬નો ઓ.એમ. નં. F.No.15-39(154)/2014-15/Ag.II/Sr.C.-II.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:સસુખા/યજન/૧૬-૧૭/૧૮, તા.૦૬/૦૨/૨૦૧૭ તથા ક્રમાંક:સસુખા/યજન/૨૦૧૬-૧૭/૪૫, તા.૦૬/03/૨૦૧૭.

<u>પ્રસ્તાવના:</u>

ભારત સરકાર દ્વારા ગરીબી રેખા (BPL) હેઠળના સીનીયર સીટીઝન માટે તેઓની અપંગતતા, બહેરાશ, અંધાપો કે અન્ય ઉંમરના કારણે થતી તકલીફોમાં મદદરૂપ થવા માટે સાધનો આપવાની યોજના હાલ અમલમાં છે. આ યોજના હેઠળ ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના વૃધ્ધોને તેમની શારીરિક જરૂરિયાત મુજબના જુદા જુદા પ્રકારના સાધનો જેવા કે દાંતનું ચોકઠું, હાથઘોડી, ત્રણ-ચાર પૈડાંવાળી ઘોડી, ચાલવા માટે લાકડી, વૉકર, ચશ્મા, હીયરીંગ એઇડ, વ્હીલચેર વગેરેનો સમાવેશ થાય છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક:(૧) અન્વયેના પત્રથી કરવામા આવેલ દરખાસ્ત મુજબ ભારત સરકારની ઉક્ત યોજનાનો ગુજરાત રાજ્યમાં અમલ ચાલુ વર્ષે કરવાનો છે. જે માટે ૧૦૦ ટકા ગ્રાન્ટ કેન્દ્ર સરકાર સીનીયર સીટીઝન ફંડમાંથી ફાળવવામા આવનાર છે તથા આ અંગેનો તમામ ખર્ચ ALIMCO, ભારત સરકાર દ્વારા કરવામાં આવશે.

રાજ્ય સરકાર તરફથી આ યોજનાના પ્રચારપ્રસાર અને વહીવટી ખર્ચ પ્રતિ એક જિલ્લા રૂ.૨૫/- લાખ લેખે કુલ ચાર જિલ્લાઓ માટે થનાર કુલ ખર્ચ રૂ.૧૦૦/- લાખની નવી બાબત વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં કરવા રજૂ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ગાંધીનગરના ઉપર વંચાણે લીધેલ તા.૬/૩/૨૦૧૭ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે આ યોજના હેઠળ રાજ્યના ગરીબી રેખા (BPL) હેઠળના સીનીયર સીટીઝનને તેમની શારીરિક જરૂરિયાત મુજબના જુદા જુદા પ્રકારના સાધનો જેવા કે દાંતનું ચોકઠું, હાથઘોડી, ત્રણ-ચાર પૈડાંવાળી ઘોડી, ચાલવા માટે લાકડી, વૉકર, ચશ્મા, હીયરીંગ એઇડ, વ્હીલચેર વગેરે જેવી જરૂરી સાધન સહાય આપવામા આવશે. જે અંગેનો તમામ ખર્ચ ALIMCO, ભારત સરકાર દ્વારા કરવામાં આવશે, રાજ્ય સરકાર તરફથી આ યોજનાના પ્રચારપ્રસાર અને વહીવટી ખર્ચ પ્રતિ એક જિલ્લા માટે રૂ.૨૫/- લાખ લેખે કુલ ચાર જિલ્લાઓ માટે થનાર કુલ ખર્ચ રૂ.૧૦૦/- લાખની નવી બાબતને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજના હેઠળ ભારત સરકાર તરફથી મળનાર ફાળાની રકમ સમયમર્યાદામાં મેળવી લેવાની કાળજી રાખવાની રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતીની જોગવાઇઓનુ ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનુ ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૧૧) આ અંગેનો ખર્ચ અનુક્રમે માંગણી નં.૯૨, ૨૨૩૫-૦૨-૨૦૦-૦૧ બજેટ હેડ હેઠળ કરાયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

(૧૨) આ અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૭ થી કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.30/03/૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર ચૌહાણ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-૪-

- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડૉ..જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના સર્વે બોર્ડ / કોર્પોરેશનો.
- વિકાસ કમિશનરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે પ્રાન્ત અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા).
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યાય અધિ.વિભાગ (વિભાગની વેબ-સાઇટ પર મૂકવાની વિનંતી સહ)
- સિલેકટ ફાઈલ / નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.